ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૮ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરની માધ્યમિક શાળાઓ ધમધમતી થઈ

ધો-૯ અને ૧૧ના વર્ગો આરંભાતા શૈક્ષણિક પ્રવૃત્તિથી શાળાઓમાં ધમધમાટ : સોશ્યલ ડિસ્ટન્સીંગ અને સેનેટાઈઝરની વ્યવસ્થા સાથે વિદ્યાર્થીઓને આવકારાયા

ગાંધીનગર, તા.૧

શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આજે ફરીથી ધમધમતી થઈ છે અને તમામ શાળાના શિક્ષકગણ પણ બાળકોના કોલાહલથી ખુશ થયા છે. ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળા ઉત્તરાયણ પહેલા શરૂ થઈ હતી ત્યારે આજથી ધો-૯ અને ધો-૧૧ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સત્ર શરૂ કરવામાં આવ્યું છે.

સરકાર દ્વારા ધો-૯ અને ધો-૧૨નું ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાની મંજુરી અપાતા આજથી શહેરની તમામ શાળાઓમાં ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓથી શાળા ગુંજી ઉઠી હતી. ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પહેલેથી જ શાળાએ આવતા હતા અને આજથી ધો-૯ અને ધો-૧૧ના વિદ્યાર્થીઓ પણ હાજર થતા દસેક

મહિના બાદ શાળામાં અલગ જ માહોલ જોવા મળ્યો હતો. સોશિયલ ડિસ્ટન્સીંગની બેઠક વ્યવસ્થા વિદ્યાર્થીઓને એસઓપી ની ગાઈડલાઈન સમજાવ્યા બાદ સમંતિપત્રક સાથે સેનિટાઈઝેશન કરેલા કલાસરૂમમાં વિદ્યાર્થીઓએ

બેસીને ઓફલાઈન શિક્ષણ લીધું હતું. ઘણા દિવસ બાદ બાળકોને શાળાએ જોયા બાદ શિક્ષકોએ પણ ખુશી વ્યકત કરી હતી.

શેઠ સી.એમ. વિદ્યાલયના પ્રિન્સિપાલ ડૉ. ચેતના બુચ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે આજે વિદ્યાર્થીઓના આગમનથી શાળા પરિસર ગુંજી ઉઠયું હતું. જે ટોપીક ઓનલાઈન વિદ્યાર્થીઓ નહોતા સમજી શકતા તે ઓફલાઈન ભણવાનો બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના પ્રેસીડન્ટ વી.વી. વૈષ્ણવ આ બાબતે જણાવે છે કે આજે જાણે ઘણા દિવસો બાદ શાળા જીવંત લાગી હતી. બાળકો તો શાળાએ આવી ઉત્સાહિત હતા જ પણ બાળકોને જોઈ શિક્ષકોના ભણાવવાના

ઉત્સાહમાં વધારો થયો હતો ધો-૧૧ના બાળકો તો એડમિશન બાદ પ્રથમવાર જ શાળાએ આવ્યા હતા. જેને લઈને શાળા પરિસરને જોવા તથા શાળામાં ભણવા તેઓ ઉત્સાહિત જણાતા હતા. આર.જી. કન્યા વિદ્યાલયના પ્રિન્સિપાલ ગિતેષભાઈ પટેલ આ બાબતે વાત કરતા જણાવે છે કે આજે દિકરીઓના કોલાહલથી શાળાની રોનક પાછી આવી હતી. વાલીઓ પણ ઉત્સાહિત જણાયા હતા. ધો-૯ અને ધો-૧૧ની વિદ્યાર્થીનીઓ તો એડમીશન બાદ પ્રથમ વખત જ આજે હાજર થઈ હોવાથી શાળા પરિસર જોવા અને શિક્ષકોને મળવા આતુર જણાતી હતી. કોરોનાનો ડર હવે પહેલા જેટલો નથી રહ્યો પરંતુ અમે તમામ કલાસ સેનેટાઈઝ કરી દીકરીઓને સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે બેસાડીને જ શિક્ષણ કાર્ય કર્યું હતું.

આમ, શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઘણા દિવસ બાદ એક સાથે વિદ્યાર્થીઓ શાળાઓ જતા શિક્ષકગણ, વાલીઓ તથા વિદ્યાર્થીઓ પણ ખુશ જણાયા હતા.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના અને સમર્પણ સ્કુલના દ્વારા 'ક્રિએટ યોર ઈમેજીનેશન' ચિત્રસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના અને સમર્પણ સ્કુલના સંયુક્ત ઉપક્રમે ડ્રોઈંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા લાંબા સમયના અંતર પછી શહેરમાં બાળકોની ઓફ લાઈન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. લાયન્સ ક્લબ ફેમીના અને સમર્પણ પણ સ્કુલ દ્વારા 'ક્રિએટ યોર ઈમેજીનેશન' શીર્ષક હેઠળ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ૮૫ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ૭ થી ૧૦ અને ૧૧ થી ૧૪ બે વિભાગમાં યોજાયેલી આ સ્પર્ધામાં નો પ્લાસ્ટીક, ફીટ ઈન્ડિયા, પીસ, એનર્જી, સ્વચ્છ ભારત, મધર અર્થ જેવા વિષયો આપવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં એ ગ્રુપમાં પ્રથમ યાત્રી કુવાડીયા, દ્રિતીય ક્રમે કશ્યપ બત્રા, તૃતીય ધ્રુવ લીંબાચિયા તથા બી ગ્રુપમાં પ્રથમ માહી પટેલ, દ્રિતીય ધ્રુવી પટેલ, તૃતીય કરીના ચૌધરી વિજેતા થયા હતા. તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો તેમજ વિજેતાઓને સાયકલ, સ્કેટ્સ, બેડમિંટનના રેકટ્સ તથા સ્કીપીંગ રોપ જેવા ઈનામો એનાયત કરાયા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે લાયન્સ ક્લબ ફેમીનાના ડિમ્પલ દેસાઈ, કાનન પટેલ, ભૂમી જોગાણીએ સેવાઓ આપી હતી. શાળાના સંચાલક મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ કેસરીસિંહજી, પીઆરઓ હેમા ભટ્ટ તેમજ શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમીનાના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને માણ્યો હતો. ફેમીનાના પ્રમુખ મમતા રાવલ, સેક્રેટરી દક્ષા જાદવ ટ્રેઝરર આરતી ભટ્ટ દ્વારા સહુ સ્પર્ધકો, વાલીઓ તેમજ શાળા પરિવારનો અને ક્લબના સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જનક ઠક્કર-યુવા કલાકારની ભાજપા પેજસમિતિ અભિયાનમાં સક્રિયતા

ગાંધીનગર, તા.૧

સમગ્ર ભારતમાં ૨૦૧૯ની સામાન્ય લોકસભાની ચૂંટણીમાં સર્વાધિક મતોથી વિજયી બનનાર નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલ જ્યારે ભારતીય જનતા પાર્ટી-ગુજરાતના પ્રદેશ પ્રમુખ બન્યા છે ત્યારે તેઓએ આગવી શૈલીમાં કામગીરી શરૂ કરી છે. મતદારયાદીના દરેક પેજની સમિતિ બનાવી એક એક મતદાર અને મત ભાજપા તરફી થાય તે માટે સમગ્ર ગુજરાતમાં ભાજપા દ્વારા પેજસમિતિ નિર્માણની કામગીરી ચાલી રહી છે.

ગાંધીનગરના નિવાસી અને ખૂબ જ જાણીતા ગુજરાતી કલાકાર, ગાંધીનગર અને ડીસાના સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર એવા યુવા કાર્યકર જનક ઠક્કર દ્વારા પોતાના પેજની સમિતિ તૈયાર કરી ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટને સાદર કરી. આગામી સમયમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર હોઇ રૂચિર ભટ્ટની આગેવાનીમાં ભાજપા જવલંત વિજય મેળવવાની તૈયારી પૂરજોશમાં છે.

પલ્સ પોલીયો અભિયાન અંતર્ગત પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને બાળલકવા વિરોધી રસી અપાઈ રહી છે. રવિવારે સરકારી દવાખાનાઓમાં પોલીયોના ટીંપા પીવડાવ્યા બાદ સોમવારે ઘરે ઘરે જઈને આ ઝુંબેશને આગળ વધારી બાકી રહી ગયેલા બાળકોને પોલીયોની રસી આપાઈ હતી.

અડાલજ પાસે લીમડાના વૃક્ષ પર લટકતો યુવકનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧

નર્મદા કેનાલ પાસે વૃક્ષની ડાળી પર લટકતો એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતદેહને ૧૫ થી ૨૦ દિવસ થઈ ગયા હોવાથી તે કોહવાઈ ગયો હોવાનું અનુમાન છે. કેનાલ પાસે જોગણી માતાના મંદિર નજીક લીમડાના વૃક્ષની ડાળી પર દોરી બાંધી યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હોવાનું લાગી રહ્યું છે. બનાવ અંગે અડાલજ પોલીસને જાણ થતા તાત્કાલીક સ્થળ પર પહોંચીને મૃતદેહ પીએમ અર્થે મોકલી આપ્યો હતો. અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતદેહની ઓળખ થઈ ન હોવાથી તેના પરિવારજનોની શોધખોળ શરુ કરી છે. મૃતક યુવાન શરીરે મધ્યમ બાંધાનો છે. રાખોડી કલરનું આખી બાયનું જેકેટ પહેર્યું છે. જેના પર કોલમ્બીયા લખ્યું છે. મૃતક યુવકના શરીર પર સફેદ, મરૂન, કાળી ઉભી લાઈનીંગનો શર્ટ પહેરેલ છે. તેની આંગળીઓમાં બે વીંટી પહેરી છે. જેમાં સફેદ પીળી ધાતુની છે અને બીજી આછા પીળા રંગની વીટીં છે. અડાલજ પીએસઆઈ એ.જે. સોલંકી કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

જન્મદિને વધામણી

નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯

મીત કોયાણી
સર્વ નેતૃત્વ ગ્રુપ

જશીબેન
રમેશચંદ્ર શ્રીમાળી
મો. ૯૭૧૪૫ ૦૧૩૧૮

સંદિપ સોની
મો. ૮૮૪૯૮૦૧૫૫૪

એપોલો સર્કલ પાસે ગાડીનો કાચ તોડી ૬૫ હજારની ચોરી

મહિલા ડોકટરનો મોબાઈલ ફોન, માઈકલ કોર્સ ઘડીયાળ અને મોંઘાદાટ ચશ્માની ચોરી થઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર - એરપોર્ટ માર્ગ પર એપોલો સર્કલ પાસે રાધે ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં પાર્ક કરેલી કારનો કાચ તોડી ચોર ઈસમો રૂ.૬૫ હજારની મત્તા ચોરી કરી લઈ ગયા છે. હોન્ડા સીટી કારનો પાછળનો કાચ તોડી સેમસંગ એસ-૧૦ મોબાઈલ, માઈકલ કોર્સ વોચ અને ચશ્માની ચોરી થવા પામી છે. બનાવ અંગે મહિલા ડોકટર દ્વારા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ પ્લોટ નં.૩૪૯-૧ ખાતે રહેતા નુતન દેવાંગ ઠક્કર સેકટર-૨૨ સુરભી કોમ્પ્લેક્ષમાં સ્માઈલ કેર ડેન્ટલ હોસ્પિટલ ચલાવે છે. જયારે ઘરેથી હોસ્પિટલ આવન જાવન માટે તેઓ જી.જે.૧૮.બી.ઈ.-૮૫૭૬ નંબરની હોન્ડાસીટી કારનો ઉપયોગ કરે છે. ગતરોજ રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં ડોકટર દંપતિ એરપોર્ટ થી દિકરીઓને લઈને ગાંધીનગર આવી રહ્યા હતા. તે સમયે એપોલો સર્કલ પાસે રાધે ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષમાં આવેલી હોટલ મેઝા-૯ ફેમીલી રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હતા. જયારે કાર સર્વિસ માર્ગ પર પાર્ક કરી હતી. જમીને પરત ફરતા રાત્રીના પોણા દશ વાગ્યાના અરસામાં જોયુ તો કારનો ડ્રાઈવર સાઈડનો પાછળનો કાચ તુટેલી હાલતમાં હતો. ચોર ઈસમો કારમાંથી સેમસંગ એસ-૧૦મોબાઈલ ફોન, બે લેડીઝ પર્સ જેમાં માઈકલ કોર્સ ઘડીયાળ તેમજ ગોગલ્સ મળી કુલ રૂ.૬૫,૦૦૦ ની મત્તાની ચોરી કરી ચોર પલાયન થઈ ગયા હતા. જયારે બાજુમાં ઉભેલી ગાડીનો કાચ પણ તુટેલી હાલતમાં હતો. જેથી બનાવ અંગે ડો.નુતન ઠક્કરની ફરીયાદ નોંધી અજાણ્યા ચોર ઈસમને પકડવા માટે પોલીસે તજવીજ શરુ કરી છે.

સર્વ વિદ્યાલય સંચાલિત એસ.વી. અને એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓનલાઈન રોડ સેફટી અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ રોડ સેફટી વિષય પર સ્લોગન, ચિત્રો અને પોસ્ટર બનાવ્યા હતા આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.

ઘ-૦ ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓનું શાળા દ્વારા વેલકમ કરાયું

ગાંધીનગર, તા.૧

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ઘ-૦ ગાંધીનગર ખાતે આજરોજ સુધી સફળતાપૂર્વક કરેલા ઓનલાઈન શિક્ષણ બાદ આજથી ગુજરાત સરકારની મંજૂરી મળતા ધો-૯ અને ધો-૧૧નું ઓફલાઈન શિક્ષણ શરૂ કરાયું. વિદ્યાર્થીઓને એસઓપીની ગાઈડલાઈન સમજાવ્યા બાદ આજથી સંમતિપત્રક સાથે શાળામાં થર્મલ ગનથી તાપમાન માપ્યા બાદ વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. સોશિયલ ડિસ્ટન્સ સાથેની બેઠક વ્યવસ્થા સાથે વિદ્યાર્થીએ ઓફલાઈન શિક્ષણને માણ્યું તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઓફલાઈન શાળા શરૂ થયાનો આનંદ વ્યકત કર્યો

હતો. શાળાના સંચાલક ડૉ. પ્રદિપ ગગલાણી દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને ઓફલાઈન શિક્ષણ અને ઓનલાઈન શિક્ષણને યોગ્ય ન્યાય મળી રહે તે માટે પ્રોત્સાહિત કરી સુવ્યવસ્થા જળવાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી તેમજ ગાંધીનગર શિક્ષણાધિકારીના માર્ગદર્શન અને સૂચન સંબંધે પ્રિન્સિપાલ ઈન્ચાર્જ જયોતિ ભાવસાર દ્વારા વિદ્યાર્થીઓ-વાલીઓ તથા શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આજે પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનું પુષ્પ અને ચોકલેટ આપી સ્વાગત કરાયું હતું તેમજ સંમતિ દર્શાવેલ દરેક વિદ્યાર્થીઓએ ઓફલાઈન એજયુકેશનનો લાભ લીધો હતો.

ઉમા આર્ટસ અને નાથીબા કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં તા. ૩૦ જાન્યુઆરીના રોજ એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત વર્તમાન પરિપેક્ષ્યમાં ગાંધીજીના વિચારોની સમયમાં પ્રાસંગીકતા વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો. સંસ્કૃત વિષયના અધ્યક્ષ ડૉ. જયરામ પટેલ તથા સમાજશાસ્ત્ર વિભાના અધ્યક્ષ ડૉ. ભરત તડવીએ નિર્ણાયક તરીકે મહત્વની સેવાઓ આપી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. હરીતભાઈ પટેલનું માર્ગદર્શન અને પ્રેરણાએ કાર્યક્રમને અનોખો ઓપ આપ્યો હતો. આ કાર્યક્રમ કમિટીના સંસ્થાના સભ્યો ડૉ. મયૂરી પટેલ, ડૉ. હીના મહેતા અને પ્રા. બાબુભાઈનો સહયોગ રહ્યો હતો.

સે-૨ નો બગીચો નવનિર્મિત થયો પણ જાળવણીનો સદંતર અભાવ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરનો સ્માર્ટસીટીની સ્પર્ધામાં પ્રથમ નંબરે લાવવા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા કાર્યો પૈકી સેક્ટરોના જૂના બગીચાઓને નવો ઓપ આપી તેને વધુ આકર્ષક, સુવિધાપૂર્ણ બનાવી નગરની શોભા વધારવાનું પ્લાનિંગ પણ છે. આ પ્લાનિંગ અંતર્ગત સે. ૭, ૮, સેક્ટર-૨ સહિત ઘણા સેક્ટરોના બગીચાઓ નવનિર્મિત કરાયા છે અને કરાઈ રહ્યા છે. સુંદર હરિયાળી લેન્ડ સ્કેપિંગ, વોક-વે, કસરતના સાધનો તથા બાળકોને રમવાના સાધનો અને લાઈટ્સથી સજ્જ આ ગાર્ડન્સથી સેક્ટરવાસીઓ

ખુબ ખુશ અને સંતુષ્ટ છે. મોટેરાઓ મોર્નિંગ વોક, કસરત અને બાળકો રમવા માટેના આ તમામ સાધનોનો ભરપૂર લાભ લઈ રહ્યા છે. પરંતુ આ તમામ સાથે શહેરીજનોની ફરિયાદ છે કે જેટલા ઉત્સાહ સાથે ગાર્ડન નવનિર્મિત કરાયુ તેટલા જ ઉત્સાહ સાથે ગાર્ડનનું મેઈન્ટેનન્સ કેમ નથી થતુ ? શહેરીજનોની તથા સેક્ટરવાસીઓની માંગ છે કે આ સેક્ટરોના ગાર્ડનની નિયમિત સફાઈ થાય, ઝાડ, ફૂલ-છોડની માવજત લેવાય અને સાધનોનું મેઈન્ટેનન્સ પણ થતુ રહે તેવી વ્યવસ્થા મનપા દ્વારા ગોઠવાય.

શહેરના સે. ૨ સ્થિત ગાર્ડનમાં કસરતના ઘણા સાધનો લાંબા સમયથી રીપેરીંગ અને મેઈન્ટેનન્સ માંગે છે. બાળકો માટેનો હિંચકો તુટી ગયો છે અને પૂરા ગાર્ડનમાં કચરાના ઢગલા પડ્યા છે જેનો નિકાલ થતો નથી. કચરો ફેંકવાની વ્યવસ્થા નથી અને કચરો ઉપાડવા ટ્રેક્ટર આવતુ નથી અને કચરો ગાર્ડનમાં જ જમા થતો રહેતો હોવાથી વડીલો અને બાળકોનું સ્વાસ્થ્ય પણ જોખમાય છે. આ તમામ બાબતો અંગે તંત્ર દ્વારા પગલા લેવાય અને નવનિર્મિત ગાર્ડનનું જતન થાય તેવી સેક્ટરવાસીઓની માંગ છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઝાલા વિલાસબા ભરૂભા
  ઉ.વ. ૮૯, સેક્ટર-૨૪
- સ્વ. પરમાર દમયંતીબેન સોમાભાઈ
  ઉ.વ. ૬૮, સેક્ટર-૩
- સ્વ. ઠાકોર પોપટજી તખુજી
  ઉ.વ. ૩૫, પાલજ જૂના

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. રાજન રશ્મિન કાલીદાસ
  ઉ.વ. ૫૮, સરગાસણ
- સ્વ. જોષી પુષ્પાબેન દશરથલાલ
  ઉ.વ. ૭૮, રાંદેસણ
- સ્વ. શાહ ચંપકલાલ કચરાલાલ
  ઉ.વ. ૮૪, કુડાસણ